**કૃષિ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

***15/4/233**: શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાની કૃપા કરશે કે:–

**પ્રશ્ન**

**(૧)** કૃષિ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

**(૨)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**(૩)** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

**જવાબ**

**(૧)** કૃષિ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **બજેટ જોગવાઈ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૪૬૧૯૪૪.૪૭ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૩૫૯૪૬૮.૧૧ |

**(૨)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| **અ. નં.** | **વર્ષ** | **ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૩૩૫૮૮૦.૩૧ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૨૯૩૬૫૧.૧ |

**(૩)** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબ રકમ વપરાઈ અને નીચે મુજબનાં કારણોસર બાકીની રકમ વણવપરાયેલ રહેલ છે.

| **અ. નં.** | **વર્ષ** | **વપરાયેલ રકમ (રૂ.લાખમાં)** | **વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | ૨૮૯૬૯૩.૯ | ૪૬૧૮૬.૪૧ |
| ૨ | ૨૦૨૨–૨૩ | ૨૮૨૦૦૫.૦૪ | ૧૧૬૪૬.૦૬ |

**નીચે મુજબનાં કારણોસર બાકીની રકમ વણવપરાયેલ રહેલ છે.**

- વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩માં ખેડૂતો દ્વારા ક્લેઇમ ઓછા મળવાના કારણે તથા વર્ષ ૨૦૨૧–૨૨માં ડ્રમ અને ટોકર વિનામૂલ્યે પૂરા પાડવાની યોજનામાં ખેડુતો દ્વારા દાવા રજૂ ન કરવાના કારણે.
- વર્ષ ૨૦૨૧–૨૨માં બીજ ઉત્પાદન કાર્યક્રમમાં ખરીફ ૨૦૨૧ દરમિયાન સતત અને પાછોતરા વરસાદના લીધે ખરીફ–૨૧ ઉત્પાદીત મગફળી, સોયાબીન, તલ, મગ તેમજ

અડદ જેવા પાકોને ભારે નુકશાન થયેલ હોઈ લક્ષ્યાંક મુજબ ઉત્પાદન મળેલ ન હોવાથી.

- વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત એગ્રો કોર્પોરેશન લી. દ્વારા અમલી યોજનામાં ખર્ચ ઓછો થવાના કારણે તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ઈથેનોલ પ્રોડક્શન યુનિટો સ્થાપવાની કામગીરી પ્રગતિમાં હોવાના કારણે.
- બાગાયત ખાતાના કોઇ લાભાર્થી અરજદારને જે તે કામગીરી માટે મંજુરી અપાયા બાદ કોઇ સંજોગોને કારણે બાગાયતી પ્રવૃત્તિ હાથ ન ધરે કે, મંજુર થયેલ સહાય માટે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન કરી શકે તે સંજોગોમાં જે તે વર્ષે સહાય ચુકવી શકાતી ન હોવાના મુખ્ય કારણોસર ખર્ચ ન થતાં બચત રહેવા પામેલ છે.
- વિવિધ સંવર્ગની જગાઓ ખાલી રહેવાના કારણે.